# "SUDARSHAN"

Weekly E-bulletin of Rotary club of Surat

6th August 21-22

Rotary club of Surat

SERVE TO CHANGE LIVES

Issue -6

R.I. President
**Shekhar Mehta**

District Governor
**Santosh Pradhan**

President
**Bhishma Jariwala**

Hon. Secretary
**Nikhil Madrasi**

Editor
**R'ann Manjari Desai**

We meet every Friday
Dr. Sarosh Bhacca Memorial Rotary Hall,
Jeevan Bharti School Annexe, Timaliawad, Nanpura,
Surat - 395001
For Private Circulaion only

# શહીદોની શહીદીને અમારા સો સો સલામ...
## ૩૦ જુલાઈ, ૨૦૨૧, શુક્રવાર

જિંદગી જિંદાદિલીકા નામ હૈ,
મુર્દાદિલ ક્યા ખાક જીયા કરતે હૈ ?

જિંદાદિલી એટલે જવાંમર્દી, ખેલદિલી અને કુરબાનીનો ત્રિવેણી સંગમ. કારગીલ યુદ્ધમાં ઝઝૂમેલા અને સરહદ પર રક્ષા કરતા સૈનિકોના શૌર્ય માટે આપણે બેધડક ઉપરોક્ત શબ્દો કહી શકીએ. આવા સૈનિકોની જિંદાદિલીની સ્મૃતિમાં યોજાયેલ ભાવસભર, દેશભક્તિથી છલોછલ કાર્યક્રમ ખરેખર અવિસ્મરણીય બની ગયો. તા. ૩૦ જુલાઈ, ૨૦૨૧ને શુક્રવારની સાંજે રાષ્ટ્રગાન શરૂ થતા રોટરી હોલ દેશભક્તિથી ભરાઈ ગયો.

પ્રમુખ ભીષ્માબેન જરીવાલાએ સભાને વ્યવસ્થિત થવાનો આદેશ આપ્યો અને તરત જ ઉત્સાહી રોટેરિયન જય મિસ્ત્રી દ્વારા રોટરી મંત્ર એવી ફોર વે ટેસ્ટનું પઠન થયું. ભીષ્માબેને સૌને પ્રેમભીનો આવકાર આપ્યો અને ગાયક કલાકારોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. જેઓ ટૂંકા ગાળામાં જ રોટરી કાર્યમાં ઓતપ્રોત થઇ ગયા છે એવા રો. કુંદન શાહે આવનારા કાર્યક્રમોની રૂપરેખા આપી. પ્રોગ્રામ ચેર મૃણાલ કોઠારીએ સૌનો દિલથી આભાર વ્યક્ત કર્યો અને પછી સ્ટેજ સોંપાયું કોકિલ કંઠી ગાયિકા બિરવા ઝવેરી અને એમના સાથી કલાકારોને...

બિરવા ઝવેરી અને એમના સાથી ગાયક કલાકાર ભાવેશ મૈસુરીયાએ દેશભક્તિના ગીતોનો સિલસિલો શરૂ કર્યો. 'એ મેરે વતન કે લોગો', 'જહાં ડાલ ડાલ પર સોને કી ચીડિયા કરતી હૈ બસેરા' જેવા ઉત્કૃષ્ટ જુના ગીતોથી સૌના દિલ ઝંકૃત થઇ ગયા અને 'સુનો ગૌર સે દુનિયાવાલો', 'ચક દે ઇન્ડિયા' જેવા નવા ગીતોથી સૌ રોમાંચિત થઇ ઉઠ્યા. 'યે દુનિયા એક દુલ્હન' - જેવા ગીતો સાથે સૌ રોટેરિયન્સ પણ સાથ પૂરાવા માંડ્યા.

કી-બોર્ડ પર શ્રી કેતન પટેલ અને ઓકટોપેડ પર સમીરભાઈના તાલબધ્ધ સંગીતે બધા ગીતોને એવા જીવંત કરી દીધા કે અંતમાં બધા રોટેરિયન્સના પગ થિરકવા લાગ્યા અને સૌ કોઈ નૃત્ય કર્યા વગર રહી ન શક્યા અને ખૂબ મજા કરી. ગાયક બિરવાજીએ કહ્યું કે એમને પણ આટલી દાદ આપનારા પ્રેક્ષકો સામે પ્રસ્તુત કરવાની કંઈક ઔર જ મજા આવી. સૌ દિલમાં દેશભક્તિ ભરીને છૂટા પડ્યા.

અને ખાસ ભૂપેન્દ્ર જરીવાલા અને રૂપેશ જરીવાલાની જોડી આ વખતે પણ બાજી મારી ગઈ. ભજીયાની રસથાળ પીરસી દીધી - જાતજાતના ભજીયા ખાઈને સૌ ખુશખુશાલ થઇ ગયા.








# ‘Kargil Vijay Diwas’ celebration

The 6th Meeting of Rotary Club of Surat was held on Friday, 30th July 2021 at 7.30 pm at Dr. Sarosh Bhacca Memorial Rotary hall, Jeevan Bharti School Annexe, Timaliyawad, Nanpura, Surat. The meeting started with National Anthem followed by Welcome remarks by President Bhishma Hitesh Jariwala.

The Rotary Four-way test was recited by Jay Mistri, Secretarial announcements were made by Jt. Sec. Kundan Shah and Greetings Chairperson AKS Bhavani Narendra Mehta announced the upcoming Birthdays. Programme committee chair Mrunal Kothari offered Vote of Thanks.




The meeting was followed by 'Kargil Vijay Diwas' celebration’ with patriotic songs by Ms. Birva Zaveri and her team. The songs with beautiful voice of the singers made the environment full of national spirit and reflected members' respect to all the brave soldiers who continue to defend the nation’s boundries without sleep and rest. A gesture of appreciation to them. A promise that even if they are out of our sight they remain in our minds, hearts and prayers.

The intention behind the celebration was not just to commemorate the sacrifice but also to inspire members and young generation from the past examples of national service and sacrifice.

**We celebrate 26th July every year as ' Kargil Vijay Diwas'.**
**The day is dedicated to the sacrifice and martyrdom of our armed forces that brought laurels to the nation during the Kargil War against Pakistan.**

# INCOMING.....

**:06th August :**

**Freindship day celebration**

**:07th August :**

*** Bal Aanganwadi**

*** ભૂખ્યાને ભોજન**

**:08th August :**

**Medical check up camp @ Dhinka Chika**










| | |
|---|---|
| 14th August | Dharmesh Varnamia |
| 15th August | Dimple Ketan Jariwala |
| | Dr. Rinkle Jariwala |






bulletin_04.jpg

## ભૂખ્યાને ભોજન

### ૩૦ જુલાઈ, શુક્રવાર



પ્રભુનું બીજું નામ છે દયા, પ્રેમ, સહાનુભૂતિ. આ ઉમદા ભાવના જરૂરિયાતમંદોને, ગરીબગુરબાને અન્નદાન કરીને સાકાર કરી શકાય. માનવસેવા એ જ પ્રભુસેવા. ઊંચનીચના ભેદભાવ નહિ રાખીને યથોચિત ભોજન આપવું એ જ સાચી સહાય.

મનખે, મનખે ધામ ધણીનું,
એ જ મથુરા ને એ જ કાશી.

આ વખતે શુક્રવાર, તા. ૩૦ જુલાઈ, ૨૦૨૧ ભૂખ્યાને ભોજનનું ઉમદા કાર્ય દ્વારા પ્રભુને ગમતા થવાનો લ્હાવો રોટરી પાર્ટનર ઉર્મિલાબેન પટેલે એમના મિત્ર જ્યોતિબેન પરીખ સાથે લીધો. એમણે કવિ કલાપી ગાર્ડન, અડાજણ પાસે ભૂખ્યાઓને ભોજન કરાવ્યું. અહીં રોટરેક્ટર્સ ઉરવ મહેતા અને જય પટેલ પણ હાજર રહ્યા અને મદદરૂપ થયા હતા.

# 'HUMF'

'Humanitarian aid to Underprivileged Maternity ward Female'

At R C Surat we help the less privileged and undernourished pregnant women of the different area of Surat.
By supporting these women at the pregnancy stage,
we are trying to create a healthy world!

We distribute to them Khajur, Mung Dal, Badam, Chana, Coconut and Jaggery.
These provide good nutrition.

Every month, qualified Gynecologists talk to them about Diet, Exercise, Yoga and Garbh Sanskar.
To associate with this activity, be in touch with Rtn. Neha Lotwala-mob: 98250 45966

"Courage is the most impoortant of all the virtues because without courage you cannot practice another virtue consistently" .........Dr. A.P.J. Abdul kalam



bulletin_05.jpg



# બાળકોનું સ્મિત - બાળ આંગણવાડી

૩૧ જુલાઈ, શનિવાર

પૂ. ગાંધીજીએ કહ્યું હતું, "સ્વર્ગનું રાજ્ય બાળકો માટે છે." નિર્દોષ બાળકો એ ભાવિ ભારતના ઘડવૈયા છે, દેશની બુનિયાદ છે. આથી એમનું ઘડતર અને ચણતર જતનપૂર્વક થવું જોઈએ. તેથી જ તો રોટરી ક્લબ ઓફ સુરત બાળકોના સંસ્કાર અને જીવન ઘડતર માટે એમનામાં પ્રોત્સાહનના નીર સિંચવાનો પ્રયત્ન કરે છે અને દર શનિવારે બાળકોને સંગ પૌષ્ટિક નાસ્તા સાથે એમની સાથે સમય પસાર કરે છે.

તા. ૩૧ જુલાઈ, ૨૦૨૧ શનિવારે IPP ડૉ. અજય મહાજને એમના દીકરા વિવાન સાથે બાળ આંગણવાડીમાં જઈ સ્વાદિષ્ટ, પૌષ્ટિક નાસ્તો બાળકોને વહેંચી એ ભૂલકાઓમાં સ્મિત વહેંચ્યું. આભાર ડૉ. અજય મહાજન.

## *'Clothes to the needy'*

**Thanks to all Rotarians for giving good conditioned clothes for the needy people. Distributed clothes of women at slum area behind Star Bazaar on 30th July.**



## The Rotary 4 Way Test

Is a mirror in which to examine our own actions, words & integrity



- Is it the TRUTH?
- Is it FAIR to all concerned?
- Will it build GOODWILL & BETTER FRIENDSHIPS?
- Will it be BENEFICIAL to all concerned?